# MEDIA BUZZ

**ગુજરાત સમાચાર** શુક્રવાર, તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૮

## જીએસટીમાં એક લાખ કરોડના રિફંડ અટવાઈ ગયેલા છે

# નોટબંધી, જીએસટી અને એનપીએની સૌથી વધુ અસર નાના અને મધ્યમ ઉદ્યોગોને

વડોદરા,ગુરુવાર

જીએસટી, નોટબંધી અને એનપીએની સૌથી વધારે ખરાબ અસર નાના અને મધ્યમકદના ઉદ્યોગો પર પડી છે તેમ ઉદ્યોગોના સંગઠન ફીક્કીના દિલ્હી પ્રમુખ રશેષ શાહે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું.

## એફજીઆઈના કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા ફીક્કીના દિલ્હી પ્રમુખના મતે ખેડૂતોની આવક વધારવાનો સરકાર સામે મોટો પડકાર છે

ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝના એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે આવેલા રશેષ શાહનુ કહેવુ હતુ કે મોટા ઉદ્યોગો તો ગમે તેમ કરીને નોટબંધી, જીએસટી લાગુ કરવામાં થયેલી ગરબડો વચ્ચે બચી ગયા છે પણ નાના અને મધ્યમકદના ઉદ્યોગોનો મરો થઈ ગયો છે.જીએસટીમાં એક લાખ કરોડ રુપિયાનુ રિફંડ અટવાયેલુ છે.જેમાં સૌથી વધારે પૈસા નાના અને મધ્યમકદના ઉદ્યોગોના છે.આ જ રીતે વધતી જતી પડી રહી છે.

તેમણે કહ્યુ હતુ કે સરકાર સામે ખેડૂતોની આવક વધારવાનો મોટો પડકાર છે.કારણકે ભારતમાં ૨૫ કરોડ લોકો ખેતી સાથે સંકળાયેલા છે.ઉપરાંત ખેડૂતોની આવકનો મુદ્દો ફૂડ ઈન્ફલેશન સાથે પણ જોડાયેલો છે.ખેડૂતોની આવક વધારે પ્રમાણમાં વધે તો ફૂડ ઈન્ફલેશન વધી શકે છે.સરકારે તેમાં પણ સંતુલન જાળવવુ પડશે.

રશેષ શાહના મતે ભારતના અર્થતંત્રમાં કેટલીક સમસ્યાઓ હંમેશ યથાવત રહેતી હોય છે.આમ છતાં અર્થતંત્ર ઝડપથી આગળ વધી રહ્યુ છે.જે કે છેલ્લા ક્વાર્ટરના આંકડા જોવામાં આ

### મર્જર અને પેટ્રોલ ડિઝલના ભાવવધારાના મુદ્દે સરકારનો બચાવ

ગગડતો રુપિયો,પેટ્રોલ ડિઝલના ભાવ વધારા અને બેંકોના મર્જરના મુદ્દે દલ્હીના

**SANDESH THURSDAY, 20•09•2018**

## FGI ગોત્રી ખાતે આજે ઉદ્યોગોની ભૂમિકા વિશે ચર્ચાસત્ર

ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ (એફજીઆઈ) દ્વારા ગોત્રી-સેવાસી રોડ પર આવેલા એફજીઆઈ બિઝનેસ સેન્ટર ખાતે આવતીકાલ તા. ૨૦મીને ગુરુવારના રોજ નવ ભારતનું સ્વપ્ન સાકાર કરવામાં ઉદ્યોગોની ભૂમિકા વિશે ચર્ચાસત્રનું આયોજન સવારે ૧૧.૩૦ કલાકે કરવામાં આવ્યું છે. જેમા ફિક્કીના રાષ્ટ્રીય અધ્યક્ષ રશેસ શાહ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

**ગુજરાત સમાચાર** રવિવાર, તા. ૨૨ જુલાઈ, ૨૦૧

## એફજીઆઈ દ્વારા એચઆર કોન્કલેવનુ આયોજન

# હકારાત્મકતા વધારવા કોર્પોરેટ સેક્ટરમાં પ્રાર્થનાનું ચલણ દાખલ કરવાની જરુર છે

વડોદરા,શનિવાર

ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ દ્વારા આજે એચઆર કોન્ક્લેવનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં હાજ રહેલા અક્ષર પુરષોત્તમ સ્વામીનારાયણ સંપ્રદાયના સંત અને જાણીતા વક્તા સંત સ્વામી જ્ઞાનવત્સલજીએ કહ્યું હતું કે જો કોર્પોરેટ સેક્ટરમાં પ્રાર્થનાનુ ચલણ શરુ કરવામાં આવે તો ચોક્કસ પણે કંપનીને લાંબા ગાળે ફાયદો થઈ શકે છે.

## એચઆર મેનેજરોએ કર્મચારીઓને દિલથી મળવુ જોઈએ, તમામ કર્મચારીના નામ પણ યાદ હોવા જોઈએ

તેમણે કહ્યું હતું કે કોર્પોરેટ સેક્ટરને આઈક્યુ(ઈન્ટેલિજન્ટ ક્વોશન્ટ), ઈક્યુ(ઈમોનલ ક્વોશન્ટ)ની સાથે સાથે એસક્યુ(સ્પિરિચ્યુલ ક્વોશન્ટ) એટલે કે પ્રાર્થનાની પણ જરુર છે.પ્રાર્થના કર્મચારીઓનો તનાવ ઘણા ખરા અંશે ઓછો કરી શકે છે.એચઆર મેનેજરોએ કર્મચારીઓને દિલથી મળવુ જોઈએ, કર્મચારીઓને નામ અને ચહેરાથી ઓળખવા જોઈએ.કર્મચારીઓને જો તમે નામથી સબોધન કરીને બોલાવશો તો તેમના એપ્રોચમાં પણ ઘણો ફેર જોવા મળશે.પરમ પૂજ્ય પ્રમુખ સ્વામીને ૨૫૦૦૦ સંતોના નામ યાદ હતા.દરેકને તે નામથી બોલાવતા હતા.

સ્વામી જ્ઞાનવત્સલનુ કહેવુ હતુ કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંતો પણ એચઆર મેનેજર છે.ફરક એટલો છે કે કોર્પોરેટ સેક્ટર પે એન્ડ સ્માઈલના સિધ્ધાંત પર અને સ્વામિનારાયણ સંપ્રદાયમાં અમે સર્વ એન્ડ સ્માઈલના સિધ્ધાંત પર કામ કરીએ છે.


જો હેન્ડ, હેડ અને હાર્ટ એમ ત્રણ એચને સાથે રાખીને કામ કરવામાં આવે તો કામમાં આર્ટ પણ આવશે.ટચ સ્ક્રીનના જમાનામાં બધાને ઈન્સ્ટન્ટ પરિણામ જોઈએ છે જે શક્ય નથી.એચઆર મેનેજરોને તેમણે સંદેશ આપ્યો હતો કે કર્મચારીની પસંદગી કંપની માટે કરવામાં કાળજી રાખવી જોઈએ, જો એક મિટિંગમાં તમે જીવનસાથી પસંદ નથી કરતા તો કંપની માટે કર્મચારી કેવી રીતે પસંદ કરો છો?

**દિવ્ય ભાસ્કર** રવિવાર, 22 જુલાઈ, 2018

**ભાસ્કર વિશેષ** એફજીઆઇના હ્યુમન રિસોર્સીસ અંગેના કાર્યક્રમમાં પૂ. જ્ઞાનવત્સલ સ્વામીનું વક્તવ્ય

# IQ+EQ+SQ : સ્પિરિચ્યુઅલ ક્વોશન્ટ હ્યુમન રિસોર્સીસની સંજીવની છે - જ્ઞાનવત્સલ સ્વામી

ટ્રાન્સપોર્ટ રિપોર્ટર | વડોદરા



કંપની કર્મચારીને રાખતાં પહેલાં આઇ ક્યુ, ઇ ક્યુ જુવે છે. કામ કરતી વખતે પણ કર્મચારીનું આ બે ક્વોલિટીના આધારે મૂલ્યાંકન થાય છે. પરંતુ આ બે સાથે એસ.ક્યુ. એટલે સ્પિરિચ્યુઅલ ક્વોશન્ટ પણ જરૂરી છે. જે કોર્પોરટ સેકટર માટે નવું છે. પરંતુ આ ક્વોટથી હ્યુમન રિસોર્સીસ સારી રીતે જાળવી શકાય તેમ શનિવારે એફજીઆઇ દ્વારા યોજેલા કાર્યક્રમમાં સ્વામીનારાયણ સંપ્રદાય (બાપ્સ) ના પૂ. જ્ઞાનવત્સલ સ્વામીએ વક્તવ્ય આપ્યું હતું. આ સાથે તેમણે કર્મચારી સાથે માનવતાવાદી વ્યવહારને સંજીવની ગણાવી હતી. વ્યવસાય સ્થળ પર પ્રાર્થના અને સવારે કર્મચારીને સ્મિત સાથે વેલકમ કરવાથી કર્મચારીની વર્કિંગ કેપેસિટી વધે છે તેમ ઉમેર્યું હતું.

કોર્પોરિટ ક્ષેત્રમાં કર્મચારીઓને સાચવવા અને તેમની પાસેથી યોગ્ય કામ લેવું તે આજના સમયમાં મોટો પડકાર છે. હ્યુમન રિસોર્સીસ ઉપર શનિવારે એફજીઆઇ દ્વારા ગોત્રી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ગાંધીનગરથી આવેલા ડાયરેક્ટર ઓફ લેબર સી.જે. પટેલે જણાવ્યું હતું કે , કંપનીઓએ એપ્રેન્ટિસને નોકરી પર રાખવા જોઇએ. તાલીમાર્થીને રાખવાથી રાજ્ય અને કેન્દ્ર સરકાર સહાય કરે છે અને બેરોજગારી દૂર થાય છે. સાથે તેમણે બાળ મજૂરો નહીં રાખવા અને પ્રધાન મંત્રી કૌશલ્ય યોજના અંગે સમજ આપી હતી.

### પાંચ ચોપડી પાસ પૂ. પ્રમુખસ્વામી 25000 લોકોને નામથી બોલાવતા

પૂ. જ્ઞાનવત્સલ સ્વામીએ જણાવ્યું હતું કે માણસને તેની પોસ્ટથી નહીં તેના નામથી બોલાવો . પૂ.પ્રમુખ સ્વામી પાંચ ચોપડી ભણ્યા હતા. પરંતુ તેઓ હ્યુમન મેનેજમેન્ટ સારું કરતા હતા. તેઓ 25000 લોકોને નામથી ઓળખતા અને બોલાવતા તેમજ 10 વર્ષ બાદ મળનાર વ્યક્તિને પણ નામથી બોલાવતા.તેઓ પ્રત્યેક 10 દિવસે એક નવી ફર્મ સમાજને આપતા હતા. માત્ર મોટી ડિગ્રી લેવાથી સફળ થવાતું નથી.

# MEDIA BUZZ

SANDESH SUNDAY, 22•07•2018

## FGI ખાતે HR કોન્કલેવમાં BAPSના સાધુનું પ્રવચન

# ટચ સ્ક્રીન જનરેશનની મોટી મુશ્કેલી, તત્કાળ પરિણામ જોઈએ

## ડિજિટલ વર્લ્ડમાં ઈન્ટરનેટ અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને આગળ વધાય

| વડોદરા |

હાલની ટચ સ્ક્રીનનો ઉપયોગ કરતી પેઢી એટલેકે ટચ સ્ક્રીન પેઢીની મોટી મુશ્કેલીએ છેકે, તેમને બધુ જ ત્વરિત મળવું જોઈએ. ટચ સ્ક્રીન ઉપર જે રીતે પરિણામો જોવા મળે છે તેવા પરિણામો હ્યુમન રિસોર્સ માનવ સંપદામાં ત્વરિત ન મળી શકે. એચઆર મેનેજરે ત્રણ Hને જાણવા જરૂરી છે. ૧.H - હેન્ડ - શ્રમ, ૨.H હેડ - સ્કિલ અને ૩. H હાર્ટ. હેન્ડ, હેડ અને હાર્ટનો ઉપયોગ કરો તો આર્ટ બની જશે તેમ આજે બીએપીએસના સ્વામીએ એફજીઆઈ ખાતે એચઆર કોન્કલેવને સંબોધતા આ બાબત

### HR મેનેજરો પહેલી મુલાકાતે પત્ની પસંદ કરતા નથી

સ્વામીએ જણાવ્યું હતુંકે, એચઆર મેનેજરોએ કર્મચારીની પસંદગી એક જ મુલાકાતમાં કરી લે છે ત્યારે તેમણે સમજવું જોઇએ કે, જો તેઓ તેમની પત્નીની પસંદગી પણ એક વખતની મુલાકાતમાં કરતા નથી તો કંપનીની મહત્વની અસ્કયામત તરીકે કર્મચારીને પસંદગી પણ એક વખતમાં કેવી રીતે કરી નાંખે છે ? આ ક્ષેત્રે વિચારો.

તેમણ પૂ. પ્રમુખ સ્વામીનું ઉદાહરણ આપીને મેનેજરોને અનુકરણ કરવા માટે પણ જણાવ્યું હતું. જે રીતે પ્રમુખ સ્વામીને એક વખત જો કોઈ મળતું તો તેને નામ અને ચહેરાથી ૧૦ વર્ષ પછી પણ તેઓ ઓળખીને તેના નામથી જ બોલાવતા હતા. એચઆર મેનેજર્રોએ અને ચહેરાથી ઓળખી , જાણવા જોઈએ. હૃદયથી વ્યક્તિને મળો, દિલથી મળો. મલ્ટીનેશનલ કંપનીઓમાં આઈ ક્યુ અને ઈક્યુને મહત્વ અપાય છે પણ સ્પિરિચ્યુઅલ ક્વોશનને મહત્વ આપો. એસક્યુમાં પ્રાર્થનાને ઉમેરો. કર્મચારીનું માનસિક તણાવનું ધોરણ ઘટી જશે તેના સકારાત્મક ... મળશે.

SANDESH MONDAY, 23•07•2018

## ૧૪-૧૫માં ૧૪ લાખ ડોલર સામે ૧૭-૧૮માં ૪૨ લાખ ડોલરની નિકાસ

# મ. ગુજરાતમાંથી પાક.માં કેમિકલ, ફાર્મા, કપાસ સહિતની નિકાસ વધી

## FGI દ્વારા ૧૭ - ૧૮માં પાકિસ્તાનમાં નિકાસ માટેના ૧૬૩ સીઓઓ ઈસ્યૂ કરાયા

| વડોદરા |

ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર દુશ્મની જોવા મળી રહી છે. બીજી તરફ રાજદ્વારી ક્ષેત્રે પણ દુશ્મની જોવા મળી રહી છે, પણ બિઝનેસ ક્ષેત્રે મિત્રતા વધતી રહી છે. મધ્ય ગુજરાતમાંથી પાકિસ્તાન સાથેના વેપારી સંબંધોમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. જે મધ્ય ગુજરાતમાંથી થતી કેમિકલ, ફાર્માસ્યુટિકલ્સ, કોટન અને એફએમસીજી ઉત્પાદનોની વધી રહેલી નિકાસ પરથી બહાર આવ્યું છે. ૨૦૧૩-૧૪માં પાકિસ્તાનમાં ૧૪૦૪૮૬૮ ડોલરની નિકાસ થઈ હતી. જે ૨૦૧૬-૧૭માં વધીને ૨૯,૮૧,૬૬૮ ડોલરની રહી હતી. ૨૦૧૭-૧૮ વધીને ૪૨૯૫૮૩૭ ડોલરની રહી હતી. આમ વર્ષો વર્ષ મધ્ય ગુજરાત અને પાકિસ્તાનના બિઝનેશ રિલેશન વધી રહ્યા છે.

### ૨૦૧૭-૧૮માં ₹ ૨૦,૦૦,૧૬૫ લાખની નિકાસ

મધ્ય ગુજરાતમાંથી અમેરિકા, યુરોપ, આફ્રિકા, મિડલ ઇસ્ટ, રશિયા સહિતના ૭૬ દેશોમાં પણ થતી નિકાસનું મૂલ્ય વધી રહ્યું છે. ૨૦૧૭ -૧૮માં મધ્ય ગુજરાતમાંથી ૨૬,૯૫૧ સર્ટિફિકેટ ઇસ્યૂ કરાયા હતા. જેનું નિકાસ મૂલ્ય રૂ.૨૦,૦૦,૧૬૫.૧૦ લાખનું રહ્યું હતું. મધ્ય ગુજરાતમાંથી ટેક્સટાઇલ સહિતના ઉત્પાદનોની નિકાસ કરવામાં આવી રહી છે.

### સર્ટિફિકેટ ઓફ ઓરિજિન શું છે ?

કેન્દ્રના વાણિજ્ય મંત્રાલયના ડિરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) દ્વારા દેશના મહત્વના ચેમ્બર ઓફ કોમર્સને તેમના વિસ્તારની કંપની દ્વારા ઉત્પાદિત માલને નિકાસ કરતાં પહેલાં સર્ટિફિકેટ આપવા માટે સત્તા આપવામાં આવતી હોય છે. ચેમ્બર પાસેથી જે તે વિસ્તારની કંપની પોતાના ઉત્પાદનો રજૂ કરીને નિકાસ માટે મોકલતા પહેલાં જે સર્ટિફિકેટ મેળવે છે.

ANDESH SATURDAY, 28•07•2018

## હડતાલ ૭ દિવસ બાદ આજે સમેટાઈ

# ટ્રાન્સપોર્ટ હડતાલથી રાજ્યમાં રૂ. ૩૦ હજાર કરોડનું નુકસાન

| વડોદરા |

દેશ ભરમાં ટ્રાન્સપોર્ટની હડતાલ સતત સાત દિવસ ચાલ્યાં બાદ આજે આઠમા દિવસે સમેટાઈ ગઈ છે. ત્યારે વડોદરા શહેર તેમજ આસપાસમાં આવેલા વિવિધ ઈન્ડસ્ટ્રીઝના ૧૪ સંગઠનો દ્વારા કેટલીક વિગતો જાહેર કરવામાં આવી હતી. તેમના અનુમાન અનુસાર સાત દિવસની હડતાલના પગલે રાજ્યના વેપાર ઉદ્યોગને રૂા. ૩૦ હજાર કરોડનું નુકશાન પહોંચ્યું છે. તેમજ હડતાલના કારણે સર્જાયલી પરિસ્થિતીને પૂર્વવત થતા હજી સાત દિવસનો સમય લાગશે.

દેશના ટ્રાન્સપોર્ટર્સ દ્વારા વિવિધ માગણીઓને લઈને હડતાલ પાડવામાં આવી હતી. છેલ્લા સાત દિવસથી ચાલતી હડતાલના કારણે વડોદરા શહેર તેમજ આસપાસના વિસ્તારનાં ૧૪ ઉદ્યોગિક સંગઠનો દ્વારા આજે એક નિવેદન જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે જણાવ્યું હતું કે, સાત દિવસની હડતાલની અસર તમામ વેપાર ઉદ્યોગો પર જોવા મળી છે, પરંતુ સૌથી વધારે અસર લઘુ ઉદ્યોગો પર પડી છે.

ગુજરાત રાજ્યનો વર્ષ ૨૦૧૮-૧૯નો અપેક્ષિત જીડીપી રૂા. ૧૪.૯૬ લાખ કરોડ આંકવામાં આવ્યો છે. જો તેના આધારે ગણતરી કરવામાં આવે તો આ સાત દિવસની હડતાલની ગુજરાત રાજ્યને રૂા. ૩૦ હજાર કરોડનું નુકશાન થયું છે. જે ઘણું જ મોટી કહી શકાય. તેટલું જ નહીં સાત દિવસની હડતાલ બાદ સમગ્ર કામગીરી પૂર્વવત થતાં હજી એક અઠવાડિયાથી વધુનો સમય લાગશે. ત્યાં સુધી સમસ્યાનો સામનો કરવો પડશે.

### કામગીરી યથાવત થતાં સાત દિવસનો સમય લાગશે

શુક્રવાર, તા. ૨૭ જુલાઈ , ૨૦૧૮ ગુજરાત સમાચાર (વડોદરા આવૃત્તિ) ૫

## પાયાની આવશ્યકતા રૂપ સપ્લાય ચેઈનના ગળે ટૂંપો

# ટ્રાન્સપોર્ટ હડતાળનો સૌથી પહેલો ભોગ ઉદ્યોગ જગત બની રહ્યું છે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,ગુરૂવાર

છેલ્લા અઠવાડિયાથી ચાલી રહેલી રાષ્ટ્રવ્યાપી ટ્રાન્સપોર્ટ હડતાળના વિપરિત પરિણામ રૂપે સહુથી પહેલો ફટકો ઔદ્યોગિક જગાએ પડી રહ્યો છે. પરિવહનના અભાવે કાચા માલની અછત જ્યારે તૈયાર માલના ભરાવાની બેવડી મુસીબતો સહી રહેલા ઔદ્યોગિક જગતમાં હડતાળ લાંબી ચાલશે તો બેરોજગારી પણ વિકટ સમસ્યારૂપ બની રહેશે. દરમિયાન, ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝે આ મુશ્કેલીઓથી કેન્દ્ર અને રાજ્ય સરકારોને વાકેફ કરી એના ઝડપી નિરાકરણ માટે અનુરોધ કર્યો છે.

ટ્રાન્સપોર્ટ હડતાળથી લઘુ અને મધ્યમ ઉદ્યોગોએ સહુથી પહેલાં સહન કરવાનું આવ્યું છે. ફેક્ટરીમાં ઉપલબ્ધ કાચો માલ વપરાઈ ગયો છે. હવે નવો કાચો માલ બહારથી આવે એવી હાલ તુર્ત કોઈ શક્યતા નથી. સામે પક્ષે તૈયાર ઉત્પાદનોને બજાર સુધી પહોંચાડવા માટેની વ્યવસ્થા પણ હાલ બંધ થઈ છે.

આ સંજોગોમાં સેંકડો ફેક્ટરીઓના સપ્લાય ચેઈન જ ખોડંગાઈ છે, જેથી રોજમદાર પર નોકરીએ આવતા (ડેઈલી વેજીસના) હજારો કામદારોએ રોજગારી ગુમાવવાની પરિસ્થિતિ પેદા થઈ રહી છે.

નોંધનીય છે કે હડતાળમાં સામેલ નહિ થઈ શકેલું પરિવહન કર્મીઓનું જૂથ પણ ગમે ત્યારે એમના બહુમતી સાથીદારો સાથે જોડાઈ જઈ શકે છે. આ પરિસ્થિતિમાં પેટ્રોલ- ડીઝલની અછત પણ ઉભી થશે.

ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ, ટ્રાન્સપોર્ટ હડતાળથી દિન-બ દિન ઉભી થઈ રહેલી વિષમ પરિસ્થિતિથી કેન્દ્ર અને ગુજરાત સરકાર સમક્ષ ચિંતાની લાગણી વ્યક્ત કરી છે.

રાષ્ટ્રની ધોરી નસ જેવી દૈનિક સેવા ભાંગી પડવાથી અર્થતંત્રને ફટકો પડી રહ્યો હોવાનું જણાવી ઉમેર્યું છે કે લાંબા ગાળે દેશના ગ્રોથ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) આંક પર હડતાળ અપ્રિય અસર દેખાશે, માટે એનું ઝડપી નિરાકરણ આણવું જોઈએ.

# MEDIA BUZZ

બુધવાર તા.૮ ઓગસ્ટ, ૨૦૧૮ ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ



આડેધડ પાર્કિંગ કરાતા કાર જેવા વાહનને લઇ જવા ખાસ હાઇડ્રોલીક ટોઇંગ વાનનું પોલીસ ભવન ખાતે નિદર્શન (તસવીર : ધર્મેશ જોબનપુત્રા)

SANDESH WEDNESDAY, 08•08•20

## પોલીસ ભવન ખાતે ટોઈંગ વાન અર્પણ કરાઈ

# FGI દ્વારા શહેર પોલીસને ફોર વ્હીલર ટોઈંગ વાન અર્પણ કરાઈ

### શહેરના ટ્રાફિક મેનેજમેન્ટમાં વાન ઉપયોગી બનશે

| વડોદરા |

વડોદરા શહેર પોલીસને આજે ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ દ્વારા અદ્યતન ફોર વ્હિલર ટોઈંગ વાન અર્પણ કરવામાં આવી હતી. આજે સાંજે પોલીસ ભવન ખાતે પોલિસ કમિશનર અનુપમસિંઘ ગેહલોતે એફજીઆઈના પ્રમુખ નીતિન માંકડના હસ્તે વાનની ચાવી સ્વીકારી હતી. જીપીએસ અને સીસીટીવીથી સજ્જ આ ટોઈંગ વાન મોટરકાર સહિતના ફોર વ્હિલરોને ઉંચકીને લઈ જવાની વ્યવસ્થા આ વાનમાં છે.

સરકાર પણ રાજ્યના શહેરોમાં ટ્રાફિક વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા ઉપર ભાર મુકી રહી છે ત્યારે વડોદરામાં પણ ટ્રાફિક વ્યવસ્થા મજબૂત બનાવવા માટે આ વાન ઉપયોગી બનશે. જો શહેરીજનો ટ્રાફિકના નિયમોનું પાલન કરે તો આ વાનનો ઉપયોગ નહિ થાય તેમ પણ જણાવાયું હતું.



અગાઉ શહેરમાં ટુ વ્હિલરો ટોઈંગ કરાતા હતા ત્યારે એવો આક્ષેપ થતો હતો કે, માલેતુજારો કે જેઓ મોટરકાર વાપરે છે અને ટ્રાફિકના નિયમોનો સરેઆમ ભંગ કરે છે તેમની સામે ટ્રાફિક પોલીસ કોઈ જ પગલાં ભરતી નથી તેવા આક્ષેપ થતાં હતા. ફોર વ્હિલર ટોઈંગવાન અર્પણ વિધિ વખતે ડીસીપી ટ્રાફિક યશપાલ જગાણીયા, ટ્રાફિક એસીપી અમિતા વાનાણી, એફજીઆઈના સૂત્રધારો શિવિંદરસિંઘ ચાવલા, દિલીપ શાહ, સૂર્યકાંત અમીન વગેરે હાજર રહ્યા હતા.

વડોદરા

# ફોર વ્હીલર ટોઇંગ વાન્સથી ટ્રાફિક વ્યવસ્થાનુ વધુ સુચારુ સંચાલન શક્ય બનશે : શહેર પોલીસ કમિશનર

વડોદરા, તા.૮

શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહજી ગહલૌતે એફજીઆઇના સૌજન્યથી મળેલા સીસીટીવીથી સુસજ્જ, હાઇડ્રોલીક ક્રેઇન ફેસીલીટી ધરાવતા અત્યાધુનિક ફોર વ્હીલર ટોઇંગ વાહનો સ્વીકાર કર્યો હતો અને આ વાહન ટ્રાફિકના વધુ ઇફેક્ટીવ મેનેજમેંટમાં શહેર ટ્રાફિક પોલીસને ખૂબ ઉપયોગી બની રહેશે એવો વિશ્વાસ વ્યક્ત કરતાં, દાતા સંસ્થા એફજીઆઇને ધન્યવાદ આપ્યા હતા. શાસ્ત્રોકત પૂજનની સાથે પવિત્ર શ્રીફળ વધેરીને શહેર ટ્રાફિક પોલીસના એન્ફોર્સમેંટને વધુ પાવરફુલ બનાવવા આ વાહન ''પરફેક્ટ''ને ...



... વ્હીલરને નુકશાન કર્યા વગર હટાવવાની સુવિધા મળી છે. દેશના તમામ મોટા શહેરોમાં ફોર વ્હીલર્સના ટોઇંગ માટે વપરાય છે તેવું ...

... લાગણી વ્યક્ત કરતાં એફજીઆઇના અધ્યક્ષશ્રી નીતિન માંકડે જણાવ્યુ હતું કે ટ્રાફિક સમસ્યાના સુચારુ ... લીસને સહાયક ... રિક/સંસ્થાની ... ને અનુસરીને ... ી કિંમતના આ ... પોલીસને ... સખાવત કરી ... ક સમસ્યાના ... ન વિવિધ ... શહેર પોલીસને ... આપશે એમ

સોમવાર ૧૩ ઓગષ્ટ, ૨૦૧૮ વડોદરા 03

લોકસત્તા જનસત્તા

# ટ્રાફિક સુરક્ષા માટે ટોઈંગ વાનનો ઉમેરો કરાયો



વડોદરા શહેર ટ્રાફિક પોલીસના વાહન કાફલામાં એફજીઆઇના સૌજન્યથી અત્યાધુનીક અને સીસીટીવી સુસજ્જ ફોર વ્હીલર ટોઈંગ વાહનનો ઉમેરો કરવામાં આવ્યો છે.નજીકના ભવિષ્યમાં વડોદરા શહેર ટ્રાફિક પોલીસને વડોદરા મહાનગર પાલિકાના સહયોગથી આવા વધુ ૬ વાહનો મળશે શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાનુ સુચારૂ સંચાલન શક્ય બનશે.

દિવ્ય ભાસ્કર શનિવાર, 11 ઓગસ્ટ, 2018 | 2

## માંગણી | વડોદરાથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવા FGIની માગ

વડોદરા | વડોદરાથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવા માટે FGI દ્વારા એવિએશન મિનિસ્ટ્રી અને એરલાઈન્સ કંપનીને પત્ર લખી માગણી કરાઈ છે. વડોદરાથી એક ફ્લાઈટ શરૂ કરી મંગલાચરણ કરવા એરલાઈન્સ કંપનીને પણ પત્ર મોકવામાં આવ્યો છે. સાંસદ રંજનબેન ભટ્ટ દ્વારા તાજેતરમાં પાર્લામેન્ટમાં વડોદરાથી હબ એન્ડ સ્પોકની સુવિધા શરૂ કરવા કરાયેલી માગણી બાદ તેમના સમર્થનમાં આ પત્ર લખવામાં આવ્યો છે.

# MEDIA BUZZ

**દિવ્ય ભાસ્કર** વડોદરા, ગુરુવાર, ૯ ઓગસ્ટ, 2018

## એફ.જી.આઈના પ્રેસિડેન્ટ નિતિન માંકડ યુનિ.માં સેનેટ મેમ્બર તરીકે નિમાયા

વડોદરા| ફેડરેશન ઓફ ગુજરાત ઇન્ડસ્ટ્રીઝના પ્રેસીડેન્ટ નિતિન માંકડને મહારાજા સયાજીરાવ યુનિ.ના સેનેટ મેમ્બર તરીકે નિયુક્ત કરાયા છે.6 જુલાઈના રોજ એફ.જી.આઇ ખાતે મળેલી મેનેજીંગ કમિટીની મિટીંગમાં એફ.જી.આઇના પ્રતિનિધી તરીકે મ.સ.યુનિ.માં પ્રેસીડેન્ટ નિતિમ માંકડ નોમીનેટ કરાયા હતા.એફ.જી.આઇની મિટીંગમાં લેવાયેલા નિર્ણય અંગે મ.સ.યુનિ.માં એપ્રુવલ માટે મોકલાયો હતો.યુનિના રજીસ્ટ્રાર દ્વારા નોટીફાઇડ કરીને એફ.જી.આઇની મેનેજીંગ કમિટીના નિર્ણયને બહાલી અપાઈ હતી

**SANDESH** SATURDAY, 11•08•2018

### સાંસદે હાલમાં લોકસભામાં રજૂઆત કરી હતી

## એરપોર્ટ પર ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ફ્લાઈટ વધારો

| વડોદરા |

વડોદરાના સાંસદ રંજનબેન ભટ્ટ દ્વારા તાજેતરમાં જ લોકસભામાં વડોદરા એરપોર્ટ બાબતે રજૂઆત કરી છે. ત્યારે ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ વડોદરા દ્વારા એવીએશન મિનિસ્ટર સુરેશ પ્રભુને પત્ર લખી વડોદરા એરપોર્ટ પર ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવા તેમજ નવા ડોમેસ્ટીક ડેસ્ટીનેશનની ફ્લાઈટ શરૂ કરવા રજૂઆત કરવામાં આવી છે.

વડોદરામાં તૈયાર થયેલા ઈન્ટરનેશનલ કક્ષાના એરપોર્ટનો વધારે વિકાસ થાય તે હેતુથી તાજેતરમાં જ લોકસભામાં વડોદરાના સાંસદ રંજનબેન ભટ્ટ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. તેમજ કેન્દ્રીય એવીએશન મિનિસ્ટર સુરેશ પ્રભુને પણ તે બાબતે રંજનબેન ભટ્ટે ખાસ રજૂઆત કરી છે. જેમને ટેકો આપતા એફજીઆઈ દ્વારા પણ સુરેશ પ્રભુને પત્ર લખવામાં આવ્યો છે. જેમાં તેમને વડોદરા એરપોર્ટથી હૈદ્રાબાદ, ચેન્નઈ, ગોવા અને કોલકત્તા જેવા અન્ય ડોમેસ્ટીક ડેસ્ટીનેશનની ફ્લાઈટ શરૂ કરવા રજૂઆત કરાઈ છે.

તે ઉપરાંત નાના એરક્રાફ્ટનો ઉપયોગ કરી દોહા, કતાર અને દુબઈ જેવી ડેસ્ટીનેશનની સર્વિસ શરૂ કરવા પણ રજૂઆત કરી છે. જ્યાંથી અન્ય ઈન્ટરનેશનલ ફ્લાઈટનું કનેક્શન મળી શકે. આ રજૂઆતની કોપી પીએમઓ, તમામ એરલાઈન કંપની સહિતનાને પણ મોકલવામાં આવી છે.

### FGIએ કેન્દ્રીય મંત્રીને પત્ર લખી માગ કરી

THE TIMES OF INDIA, AHMEDABAD/BARODA
SATURDAY, AUGUST 11, 2018

## Industry body asks for more int'l, domestic flights

TIMES NEWS NETWORK

**Vadodara:** The Federation of Gujarat Industries (FGI), one of the biggest industrial associations in central Gujarat, has written to Prime Minister Narendra Modi and Piyush Goyal, union minister for commerce, industry and civil aviation, demanding international flights and more domestic connectivity from the city.

FGI president Nitin Mankad said in the letter that the new Vadodara airport was inaugurated by Modi in 2016 but its services still can't be availed by industrialists and common citizens who want to travel abroad. Mankad has pitched for additional flights saying that the world's tal-



and having more air connectivity will boost tourism too.

Mankad said that it is imperative and expedient to have at least one international destination flight to places like Dubai and Qatar with smaller capacity aircraft suitable to the runway available.

'There will be passenger traffic of trade commerce and tourists to various other parts of the country. So we request you to consider starting domestic flights to and from Vadodara to important domestic destinations like Chennai, Kolkota, Bengaluru, Hyderabad and other cities," FGI stated.

The city currently has 2 domestic flights daily tha

**ગુજરાત સમાચાર** શનિવાર, તા. ૧૧ ઓગસ્ટ, ૨૦૧૮

### બે વર્ષ પહેલા ઈન્ટરનેશનલ ટર્મિનલનું વડાપ્રધાને ઉદ્દઘાટન કર્યુ છતાં સુવિધા નથી

## વડોદરાથી ઓછામાં ઓછી એક ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવા એફજીઆઈની માગ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

વડોદરા એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય સુવિધા સાથેના ટર્મિનલના ઉદ્દઘાટનના બે વર્ષ બાદ પણ વડોદરાને હજુ સુધી એક પણ ઈન્ટરનેશનલ ફ્લાઈટની સુવિધા મળી નથી ત્યારે ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વધુ એક વખત સિવિલ એવિએશન મિનિસ્ટરને ફેક્સ કરીને વડોદરા એરપોર્ટ પરથી ઓછામાં ઓછી એક ઈન્ટરનેશનલ ફ્લાઈટની સુવિધા માટે માગ કરાઈ છે.

### દુબઈ અથવા કતારની ફ્લાઈટ શરૂ થાય તો આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી મળી રહે ચેન્નાઈ, કોલકત્તા, બેંગાલુરુ અને હૈદ્રાબાદની ડોમેસ્ટિક ફ્લાઈટની પણ માગ

ફેડરેશને સિવિલ એવિએશન મિનિસ્ટર સમક્ષ માગ કરી છે કે વડોદરામાં ઓક્ટોબર ૨૦૧૬માં ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્દઘાટન કર્યુ હોવા છતાં બે વર્ષથી વડોદરાને ઈન્ટરનેશનલ ફ્લાઈટની સુવિધા મળી નથી ખરેખર આ સુવિધા વડોદરા સહિત મધ્ય ગુજરાતના વ્યાપાર ઉદ્યોગના વિકાસ માટે અને મધ્ય ગુજરાતના પ્રવાસીઓ માટે ખુબ જરૂરી છે.

આ ઉપરાંત કેવડિયા કોલોની ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પ્રોજેક્ટ પૂર્ણ થવાના આરે છે અને વડોદરા સહિત આસપાસના વિસ્તારોમાં પ્રવાસન પણ વિકસી રહ્યુ છે ત્યારે ઓછામાં ઓછી એક ઈન્ટરનેશનલ ફ્લાઈટ વડોદરાને મળવી જોઈએ. વડોદરા એરપોર્ટના રનવે પર મોટા વિમાન ઉતરી શકે તેમ નહી હોવાથી વડોદરા એરપોર્ટ પરથી જ ઈમીગ્રેશન થઈ જાય અને દુબઈ અથવા તો કતાર સુધી જતા નાના વિમાનની સુવિધા મળે તો પણ ત્યાંથી વિમાનો અન્ય દેશો સાથે કનેક્ટ થઈ શકાય તેમ છે.

આ ઉપરાંત વડોદરાથી ચેન્નાઈ, કોલકત્તા, બેંગાલુરુ અને હૈદ્રાબાદની ડોમેસ્ટિક ફ્લાઈટ પણ શરૂ કરવી જોઈએ. ઉલ્લેખનિય છે કે એફજીઆઈ દ્વારા સન ૨૦૧૭માં પણ આ પ્રકારની માગ કરવામાં આવી હતી.

### નેતાઓ, ઔદ્યોગિક સંગઠનો અને આગેવાનો

## એરપોર્ટને સયાજીરાવનું નામ આપવાની વાત આવે તો ચૂપ થઈ જાય છે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

વડોદરા એરપોર્ટને મહારાજા સર સયાજીરાવનું નામ આપવા માટે વડોદરાના લોકો ૧૦ વર્ષથી માગ કરી રહ્યા છે. આ માગ ત્યારે પ્રબળ બની જ્યારે વડોદરા એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય કક્ષાના ટર્મિનલ બિલ્ડિંગનું નિર્માણ શરૂ થયુ હતું. ટર્મિનલ બિલ્ડિંગ બનીને તૈયાર થઈ ગયુ અને ઓગષ્ટ ૨૦૧૬માં વડાપ્રધાને ઉદ્દઘાટન પણ કરી નાખ્યું છતાં પણ વડોદરાની પ્રજાનો અવાજ સંભળાયો નહી.

આ દરમિયાન તાજેતરમાં જ અગરતલા એરપોર્ટને ત્યાના મહારાજ બિક્રમ માનિક્યનું નામ આપવામાં આવ્યું ત્યારે વડોદરાની પ્રજાને મહારાજા સયાજીરાવ અને વડોદરા સાથે અન્યાય થયો હોવાની લાગણી અનુભવી હતી. જો કે પ્રજાને આશ્ચર્ય એ વાતનું થાય છે કે આ મામલે વડોદરા સહિત મધ્ય ગુજરાતના ઉદ્યોગપતિઓ, ઉદ્યોગ સંગઠનો, સ્થાનિક નેતાઓ અને આગેવાનો ચૂપ કેમ બેઠા છે તેવો સવાલ વડોદરાના જાણીતા આર્ટિસ્ટ અને બરોડા હેરિટેજના સંરક્ષણ માટે ચળવળ ચલાવતા ચંદ્રશેખર પાટીલે ઉઠાવ્યો છે.

### ૧૦ વર્ષથી વડોદરાની પ્રજા માગ કરી રહી છે : વડાપ્રધાનને પણ અનેક વખત રજૂઆત થઈ ચુકી છે

FGI organises HR conclave on travails of team building - Times of India https://timesofindia.indiatimes.com/home/education/news/fgi-organise...

Printed from
THE TIMES OF INDIA

# FGI organises HR conclave on travails of team building

TNN | Jul 23, 2018, 10.55 AM IST



VADODARA: The Federation of Gujarat Industries (FGI) on Saturday organised a HR conclave on the theme of 'Travails of team building: enabling and retaining'.

Spiritual speaker Swami Gyanvatsal, from BAPS addressed the gathering on 'Humane approach with humane' resting theme of his talk on need to understand and support workforce with compassion at workplace while balancing IQ interests and thereby to develop strong positive human relations with employees to get best results at work.

C J Patel, director of labour, Gandhinagar, who was chief guest at the conclave in his address highlighted that the government was keen to help both the industries and the workforce by bringing about reforms in labour laws in mutual interest to take forward economic and social progress and to usher industrial peace and harmony in the society, state and the country.

He cited child labour reforms, National Apprentice Yojana and Pradhan Mantri Kaushal Vikas Yojna initiatives of the government in support of development of industries and workforce for their mutual progress and social harmony.



Dharmang Baxi, additional commissioner - labour, Gandhinagar, in his presentation briefly highlighted importance of 12 labour laws (Gujarat Amendment) Act 2015, in which reforms have been carried out in mutual interest of industries and workforce for balancing economic and social interests of the state and the country.

Amitkumar Vaidya, senior branch manager at LIC of India, Sushil Baveja, executive director (HR) at DCM Shriram Ltd., Dr Sandeep Tyagi, director (HR) Samsung Electronics India, Nayan Parikh, managing director of Nayan Parikh & Associates, G H Jani, regional deputy labour commissioner at Vadodara were amongst other speakers at the conclave.

25-07-2018, 12:59

# MEDIA BUZZ

## Industry, government should jointly strategise for economic growth, says Ficci

**The federation of chambers of commerce and industry (Ficci) has called for a joint meeting between the industries and the government to chalk out a strategy balancing expenditure, and boosting economic growth.**

By: PTI | Vadodara | Published: September 20, 2018 7:41 PM



Ficci president Rashesh Shah indicated that the economy is on a recovery path with reforms measures, while Indian rupee is weakening and inflationary pressure going up while rising oil prices are again posing a high risk to India's economic growth trajectory.

The federation of chambers of commerce and industry (Ficci) has called for a joint meeting between the industries and the government to chalk out a strategy balancing expenditure, and boosting economic growth.

Ficci president Rashesh Shah indicated that the economy is on a recovery path with reforms measures, while Indian rupee is weakening and inflationary pressure going up while rising oil prices are again posing a high risk to India's economic growth trajectory.

Also, next year is important as the Loksabha polls are scheduled. "Under such circumstances,it is necessary to hold a joint meeting between the industries and government to chalk out strategy for meeting the situation on the economic front," Shah said.

Shah was in the city to mark the centenary year celebrations of thecity-based the Federation of Gujarat Industries (earlier known as the federation of gujarat mills and industries).

He said the rising crude prices coupled with weaker rupee with cascading impact on inflation pose a big challenge for the Indian macro picture and ironically, there is little that can be done in the short-term.

Shah however, observed that the devalued rupee has benefited exporting units from the country, and hopes that the rupee and petroleum fuel would soon stabilise.

"Unless swift action is taken to address the situation, the economic growth will head towards a speed-breaker. Amongst the most immediate actions that can be taken by the government is to bring down the excise duty on fuel," Shah added.

He lamented that demonetisation and GST have affected the small and medium scale units leading to the closure of large number of them while big units managed to escape the impact.

He also admitted that agriculture growth has to be 12 per cent in order to double farmers' income by 2022. Currently, it is at 4 per cent, while there are 25 crore farmers whose income is much less at present.